Reg. No. Guj./1513/Surat & F/1411/Surat
I.T. Reg. No. 12 A (a) SRT/CIT-III/Tech/038/07-08 Dt. 18-2-08

Ph.: 2432963

# SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION

Estd. 2006

7/2136, Shop No. 1, Al-Madina Apt., Holi Medan, Rampura, SURAT. (INDIA)

## અપીલ

### સવાબે-ઝારીયહ માટે બેહતરીન મોકો

અસ્સલામો અલયકુમ વ.વ.

આપ સહુની ખીદમતમાં રામપુરા, હોલીમેદાન, સુરત ખાતેની "સોશીયલ એન્ડ એજયુકેશનલ વેલફેર એસોશીએશન" "સેવા" નો ટુંકમાં પરીચય આપતા ખુશી અનુભવું છું. તથા આ સાથે જ આપ સહુની ખીદમતમાં જાહેર અપીલ કરૂં છું.

"સેવા" ની સ્થાપના ૨૦૦૬ માં કરવામાં આવી. "સેવા" એક સાર્વજનિક સંસ્થા છે. જે નીચે દર્શાવેલ વિવિધ સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે છે.

"સેવા" ના મુખ્ય ઉદ્દેશો પૈકીનો એક તે "ઘરડા-ઘર" (Darul-Ajus) સ્થાપનાનો છે. જે માટે ઉલમાઓ તથા વડીલો દ્વારા એવું કહેવામાં આવતુ હતું કે જો "ઘરડા-ઘર" ની સ્થાપના કરવામાં આવશે તો ઓલાદ પોતાના મા-બાપ અને વડીલોની ખીદમત કરશે નહી અને પોતાની ફરજમાંથી મુકત થઈ પોતાના ઘરડા-બીમાર મા-બાપને, વૃધ્ધોને "ઘરડા-ઘર" માં દાખલ કરી દેશે.

ઉપરોકત બાબત છેલ્લા કેટલા વર્ષોથી વિચારણા હેઠળ હતી. જે થકી સંસ્થાના એક હમદર્દ સાથીએ એવું સુચન કર્યુ હતું કે આ કામ માટે વિશાળ જગ્યા-મકાનની ઝરૂરત છે અને કામ ઘણું મોટું છે. તેથી તમે સમાજના એકલા-અટુલા વૃધ્ધો-અશકતો હોય તેમને જમવાની વ્યવસ્થા કરો. જે બાબતે સંસ્થાના ટ્રસ્ટી મંડળ દ્વારા ચર્ચા-વિચારણાના અંતે તા. ૯-૩-૨૦૧૨ થી શરૂઆતમાં ૬ વૃધ્ધોને ઘર બેઠા બે ટંકનું જમવાનું ઘરે પહોંચાડવાની વ્યવસ્થા શરૂઆત કરવામાં આવી. અને હાલમાં અલ્લાહ તઆલાના ફઝલો કરમથી આપ સવના સાથ સહકારથી ૩૪ જેટલા વૃધ્ધો-અશકતોને ઘર-બેઠા "ફ્રી" ટીફીન સેવા" આપવામાં આવે છે. અને પ્રવૃત્તિ ચાલુ છે.

"ફ્રી ટીફીન સેવા" શરૂ કર્યા બાદ કેટલાએ અનુભવ અને સંજોગો જે હમારી સમક્ષ જાતે જોવામાં આવ્યા. દા.ત. એક વૃધ્ધ વ્યકિત જે ગેરશાદીશુદા, ઉમર આસરે ૭૫ વર્ષ - જે પથારીવશ હતા. તેમની ખીદમત તેમની ભાણજી કરતી હતી. તથા અન્ય વિગતો આપ આ સાથે રજુ કરેલ શરઈ માર્ગદર્શન ના સવાલ માંથી જાણી શકશો.

જે બાબતે ઘણી જ વિગતવાર રજુઆત પછી દારૂલ ઉલુમ દેવબંદથી હઝરત મવલાના મુફતી સાહેબે "દારૂલ અજુઝ" અથવા જે નામ મુનાસીબ લાગે તે નામથી "અશાકતાગૃહ" શરૂ કરવાની ઈજાઝત આપી છે. તથા દારૂલ ઈફતા, ડાભેલ, જી. સુરતથી હઝરત મવલાના મુફતી અબ્બાસ બીસ્મીલ્લાહ સાહેબે પણ વિગતવાર જવાબી આપી "અશકતાગૃહ" શરૂ કરવા ઈજાઝત આપી છે.

હવે ઝરૂરત એ માટે જગ્યાની-મકાનની છે. જે આપ તથા આપના મર્હુમીન માટે બેહતરીન સવાબે ઝારીયહ બની શકે છે.

આપણી કોમ પાસે મસ્જીદો, મદરસહ, સ્કુલ, હોસ્પિટલો છે પરતું કોમની પાસે 'અશકતાગૃહ" નથી જયાં આવા વૃધ્ધો-અશકતોને રાખી તેમની ખીદમત કરી શકાય. જેથી આપ સવને આ બાબતે ખુલાદીલથી આગળ આવવા અપીલ કરૂં છું. અને આપ સવના સહકારની અપેક્ષા રાખુ છું. **જઝાકુમુલ્લાહ**

નાચીઝ

**ઈલ્યાસ મોહંમદ માંકડા** (પ્રમુખ)

મો. ૯૮૪૨૭૧૩૩૧૯૭

### તમે સંપર્ક કરી શકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| Farukbhai Hasanji | (U.K.) | 0044 7828796535 | Iqbalbhai Aboo | (Paris) | 00331796644065 |
| Umarjibhai Dudhwala | (U.K.) | 0044 7404570300 | Ibrahimbhai Wadiwala | (USA) | 0012817641350 |
| Ahmedbhai Bagia | (Canada) | 019059101417 | | | |

Reg. No. Guj./1513/Surat & F/1411/Surat
I.T. Reg. No. 12 A (a) SRT/CIT-III/Tech/038/07-08 Dt. 18-2-08
Ph.: (0261) 2432963

SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION

SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION
S E W A
ESTD. 2006

7/2163, RAMPURA CHHADAOLE, SURAT. (INDIA)

باسمه تعالیٰ

Ref. No. :

Date : 12-1-2015

# "بیت المعذورین کا قیام"

ب ۲۷۷

حضرت مفتی صاحب دارالافتاء دارالعلوم دیوبند

السلام علیکم

بعدہٗ عرض ہیکہ ہمارے معاشرہ میں بہت سے بوڑھے مرد وعورتیں ایسی ہیں جو اپنی کمزوری کے باعث محتاجِ خدمت ہیں ۔ایسے حضرات کی تفصیل حسب ذیل ہے۔

(۱) جو بے اولاد ہیں نیز ان کا کوئی قریبی رشتہ دار بھی نہیں ۔اور اگر کوئی رشتہ دار ہے بھی تو کسی معقول عذر کی بناء پر ان کی خدمت سے قاصر ہیں۔

(۲) بعض ایسے ہیں جن کی اولاد نافرمان ہیں ۔والدین کی خدمت کے لیے پند ونصائح کے باوجود آمادہ نہیں ۔حتی کہ بعض اولاد نے تو والدین کو گھر سے نکال دیا ہے۔

(۳) بعضوں کی اولاد مالی تنگی اور اخراجات کی کثرت کے باعث مشکل سے اپنے اہل وعیال کی پرورش کرپاتے ہیں؛ چہ جائیکہ والدین پر خرچ کریں اور ان کی خدمت کریں۔

(۴) بعض ایسے ہوتے ہیں جن کی خدمت کرنے والا نہ کوئی مرد ہے نہ اس کی بیوی ہے، بلکہ خود ہمارے مشاہدہ کے مطابق ایک واقعہ میں بیوا بہو اور دوسرے واقعہ میں بھانجی خدمت کرتی تھی ۔دورانِ خدمت پکڑنا، استنجاء کرانا، کپڑے بدلوانا وغیرہ یہ سب بیوا بہو اور بھانجی نے کیا۔جس میں ستر پوشی تک کا اہتمام از حد دشوار تھا کیا یہ مناسب ہے؟

اس نوعیت کے متعدد واقعات ہمارے علم میں آئے ہیں ۔ان بے سہارا لوگوں کی حالت قابلِ رحم وقابلِ توجہ ہے۔ بہت سے لوگ ادھر اُدھر پڑے رہتے ہیں ، در در بھٹکتے ہیں ، سڑکوں پر سوتے ہیں ۔ کسی نے دیکھا تو کھلا دیا اور علاج کرادیا ورنہ ویسے ہی پڑے رہے۔حالانکہ ایسے حضرات مالی وجسمانی کمزوری کی وجہ سے مستقل خدمت اور دیکھ ریکھ کے محتاج ہیں۔

نوٹ:- ایسے معذوروں کی خدمت اور دیکھ بھال کا انفرادی انتظام تجربہ اور مشاہدہ سے بظاہر مشکل اور دشوار ہے۔

دوسری طرف بعض غیر مسلم ادارے اس طرح کی عمارت قائم کرچکے ہیں اور بلاتفریقِ مذہب ایسے معذورین کو اپنے یہاں رکھتے ہیں ۔ہمارے یہاں اس نوعیت کا انتظام نہ ہونے کی وجہ سے خدانخواستہ کوئی مسلمان ان کے یہاں، ان کے ماحول میں چلا جائے تو اس کے ایمان واعمال کا کیا؟ جیسا کہ فی زمانا عیسائی اور قادیانی کی کارگزاری عیاں ہے۔

- 2 - (جاری ہے)

**Activities :** To organize " Spoken English Classes". • To provide note books to the student at lower rates. • To provide free note books to the poor students • To provide free food kits in Ramzan/Diwali • To collect unused medicines from public & give to the L.M. Sarvajanik Hospital • To arrange education & vocational guidance programs.

**Future Planning :** To build up a facilited reading room for student. • To have an Old-age-home at Surat. • To give interest free loans.

Reg. No. Guj./1513/Surat & F/1411/Surat
I.T. Reg. No. 12 A (a) SRT/CIT-III/Tech/038/07-08 Dt. 18-2-08

Ph.: (0261) 2432963

SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION (S E W A)

# SOCIAL AND EDUCATIONAL WELFARE ASSOCIATION

7/2163, RAMPURA CHHADAOLE, SURAT. (INDIA)

ESTD. 2006

Ref. No. :

Date :

- ۲ -

مذکورہ احوال کے مدنظر ہماری موجودہ سماجی تنظیم "سیوا ٹرسٹ" [SEWA TRUST] کا یہ ارادہ ہیکہ ایسے معذورین کے لیے مستقل ایک عمارت "بیت المعذورین" یا کسی اور نام سے تعمیر کی جائے جس میں ان کے قیام وطعام، علاج ومعالجہ اور دیکھ ریکھ کے ساتھ ساتھ ان کی اصلاحی فکر بھی کی جائے۔

حضرات مفتیان کرام سے مؤدبانہ گذارش ہیکہ قرآن وحدیث کی روشنی میں ہماری راہ نمائی فرمائیں کہ کیا اس نوعیت کی عمارت کے قیام کی اجازت ہے یا نہیں؟ اگر اجازت مشروط ہو تو اس کی شرائط کیا کیا ہیں؟

اور اگر اجازت نہیں ہے تو پھر ایسے محتاجوں کے لیے متبادل انتظام کیا ہو سکتا ہے؟ اس کی بھی راہ نمائی فرما کر مشکور فرمائیں۔

فقط والسلام

سیکریٹری
[signature]
ہارون رشید کھاتہ

صدر
[signature]
الیاس ماکڈا

مہر ٹرسٹ

۲۷۲
ب

بسم اللہ الرحمٰن الرحیم

الجواب وباللہ التوفیق! مذکورہ نوعیت کی عمارت قائم کرنا درست ہے بلکہ کار ثواب ہے، یہ بہت مستحسن اقدام ہے۔ البتہ جن لوگوں کو داخل کریں تو پہلے ان کی معذوری اور بے سہارا ہونے کی پوری تحقیق کرلیں۔ اس کے بعد اپنے یہاں داخل کریں۔ فقط واللہ اعلم

حبیب الرحمٰن عفا اللہ عنہ
مفتی دارالعلوم دیوبند
۲۶/۳/۳۶ھ [illegible]

الجواب صحیح
[illegible]

الجواب صحیح
[illegible]

جواب درست ہے۔
[illegible]

جواب درست ہے، [illegible]

**Activities :** To organize " Spoken English Classes". • To provide note books to the student at lower rates. • To provide free note books to the poor students • To provide free food kits in Ramzan/Diwali • To collect unused medicines from public & give to the L.M. Sarvajanik Hospital • To arrange education & vocational guidance programs.

**Future Planning :** To build up a facilited reading room for student. • To have an Old-age-home at Surat. • To give interest free loans.

Foundation Of Baitul Mazoorin
(Housing for older and vulnerable people)

## Question

Hazrat Mufti Sahab Assalamu Alaykum,

This is to inform you, in our Muslim community there are many old people, both males and females who have disabilities and need support to be able to continue living, that means their homes need to be adopted, who are in need and distress.

Descriptions of such needy peoples are provided below:

(1) Many people are childless. They don't have any relatives who could look after them. Even if they have relatives, they are helpless in supporting them without any particular reason.

(2) Many are neglected as their own near and dear ones ignore their presence or have outcast them. Despite being reminded several times on various occasions to care for their parents, their children simply turn a blind eye to the miseries and loneliness of elderly members of their family. Many have driven out their own parents.

(3) Often it has been observed, that family members including matured children willing to help their old parents cannot afford the rising expenditures of daily commodities. How can these dedicated children support their elderly family members when their earning power is limited or they are facing financial crisis?

(4) Again there are many such people who have no support of their male member family member or of their wife. According to our experience in one case a widowed daughter-in-law takes care of her uncle.

In another case, a niece takes care of her uncle and aunt.

In both the cases, (daughter-in-law and the niece) while serving the elderly, these females come in physical contact with them while helping them to stand or while maintaining their hygiene, during sanitization of their private parts, during urinating or defecation by these elderly people changing their clothes etc are done by these widow or the niece. During this time it is very difficult to maintain distance. Is it permissible?

Such type of innumerable instances have come to our notice. These helpless elderly people's problem need kind attention.

There are signs of rough sleeping on road and by lanes by these helpless and elderly persons. Some people offer to help them or feed them otherwise they are left on the street to survive on their own without proper food or nutrition. These people are sick, retarded, mentally and physically.

Alhamdulillah " SEWA" (Social and Educational Welfare Association) has been in operation for over 9 ( Nine ) years now and all praise is due to Allah for having accomplished the services we have tried to provide so far. Disable with nobody to care for them and nobody to depend upon.

In another instance, many non-Muslim organizations have started adapting our Muslim community elderly homeless and persons with disabilities. They have provided shelter to these helpless destitute.

We don't have such facilities or in other words we are not capable enough to provide these poor people with such hygienic facilities. If these persons have to undergo through diverse environment then who will be responsible for their plight?

For instance, we are well aware of how our Muslim brethren are mistreated by Christians and other communities.

Talking all these things into consideration, our present social organization "SEWA" have thought of providing and building a home for such persons with disabilities a permanent bearing the name "Baitul Mazoorin" or with some other name where these homeless people will be provided shelter, meals, medical assistance, cure, treatment and taken proper care of and to assist them in living a normal life.

We humble request your esteemed self to enlighten us by referring to the Quran and the Hadis that whether such an arrangement is permissible and should be provided or not ? And if it is allowed then what are the agendas to bear in mind? If it is not permissible then what other option are available? Your suggestions, assistance and advice are needed to reach this goal. Please advise us.

Wassalam

President
(Sign.) Ilyas Mohammad Makda
M : 09427133197

Secretary
(Sign.) Harunrashid Mehmood Khandia
M : 09979200311

## Reply Letter / Answer

As mentioned about providing a shelter to persons with disabilities, building a home is permissible. This is necessary. After proper scrutiny and investigation of the needy person, he/she/they will be allowed to enrol and get admitted to their new home.

Sd. Mufti Habiburrahman (Darul Uloom - Deoband)

Reply is authentic

Along with it A humble request to all concerned that please create an awareness of the Rights of parents, handicapped persons and poor people among our community.

Sd. Mufti Amin Palanpuri
Mufti Mahmood Hasan Bulandshehri (Darul Uloom - Deoband)

# બયતુલ માઝુરીનની સ્થાપના

## સવાલ

હઝરત મુફતી સાહેબ અસ્સલામુ અલયકુમ બાદ અર્ઝ છે કે આપણા સમાજમાં ઘણા વૃધ્ધ પુરૂષો અને સ્ત્રીઓ એવી છે કે પોતાની નિર્બળતાને લીધે ખિદમતની મોહતાજ છે. આવા હઝરાતની વિગતો નીચે મુજબ છે.

(૧) કેટલી કે જે નિ:સંતાન છે તેમના કોઈ નજીકના સગા સંબંધીઓ પણ નથી અને અગર કોઈ સંબંધીઓ છે તો કોઈ યોગ્ય કારણની બિના પર તેમની સેવા કરી શકતા નથી.

(૨) કેટલાક એવા છે જેમના સંતાનો તેમના કહયામાં નથી. મા–બાપની સેવા માટે તેમનું ધ્યાન દોરવા છતાં તેઓ એ માટે તૈયાર નથી. ત્યાં સુધી કે કેટલાક સંતાનોએ તો પોતાના મા–બાપને ઘરમાંથી કાઢી મુકયા છે.

(૩) કેટલાક લોકોના સંતાનો આર્થિક તંગી અને વિપુલ ખર્ચના કારણે મહામુશ્કેલીએ પોતાના કુટુંબનું પાલન પોષણ કરે છે. તો તેઓ પોતાના ખર્ચ કઈ રીતે ઉપાડી શકે અને તેમની સેવા કઈ રીતે કરી શકે.

(૪) કેટલાક લોકો એવા હોય છે કે જેમની સેવા કરનાર ન તો કોઈ પુરુષ છે ન તો તેમની પત્ની છે. બલ્કે અમારા અનુભવ અનુસાર એક કિસ્સામાં વિધવા વહુ અને બીજા કિસ્સામાં ભાણેજ સેવા કરે છે. સેવા દરમ્યાન તેમને પકડવા, પેશાબ પાણી કરાવવું, કપડાં બદલાવવા વગેરે બધા કામો આ વિધવા વહુ અને ભાણેજ કરે છે. જેમાં સતરપોશીનું ધ્યાન રાખવું ખુબ જ મુશ્કેલ છે. શું આ યોગ્ય છે.

આ પ્રકારની અસંખ્ય ઘટનાઓ અમારી જાણમાં આવ્યા છે. આ નિ:સહાય લોકોની સ્થિતિ ખૂબ જ દયાપાત્ર છે. દરદર ભટકતા રહે છે. તેઓ સડકો પર સુઈ રહે છે. કોઈએ તેમને જોયા તો ખવડાવી દીધું અને સારવાર કરાવી દીધી. નહિતર એમ જ પડયા રહે છે. જો કે આવા હઝરાત આર્થિક અને શારીરિક કમજોરીના કારણે કાયમી સેવા અને શારીરિક કમજોરીના કારણે કાયમી સેવા અને દેખભાવના મોહતાજ છે.

બીજી બાજૂ કેટલાક બિન મુસ્લિમ સંસ્થાઓએ પ્રકારની ઈમારતો સ્થાપી ચુકયા છે અને કશા ભેદભાવ વિના આવા નિર્બળ લોકોને પોતાને ત્યાં રાખે છે. અમારે ત્યાં આ પ્રકારની વ્યવસ્થા ન હોવાના કારણે ખુદા નાખ્વાસ્તા કોઈ મુસલમાન તેમને ત્યાં તેમના વાતાવરણમાં ચાલ્યો જાય તો તેના ઈમાન અને આમલનું શું ? જેમ કે હાલના જમાનામાં ઈસાઈ અને કાદયાની કારગુઝારી બિલકુલ સ્પષ્ટ છે.

મજકુર એહવાલને જોતાં આપણી વર્તમાન સામાજિક સંસ્થા 'સેવા ટ્રસ્ટ'' નો એવો ઈરાદો છે કે આવો નિર્બળ લોકોના માટે કાયમી એક સંસ્થા ''બયતુલ મઅઝુરીન'' નામે અથવા કોઈ અન્ય નામે બાંધવામાં આવે જયાં તેમના રહેઠાણ, ખાવાપીવા, ઈલાજ, સારવાર અને દેખભાળની સાથે તેમની સુધારણાની ચિંતા પણ કરવામાં આવે.

મુફતિયાન હઝરાતથી આ અંગે અદબપૂર્વક ગુઝારિશ છે કે કુર્આન અને હદીસની રોશનીમાં અમને માર્ગદર્શન આપે. કે શું આ પ્રકારની ઈમારતની સ્થાપનાની સંમતિ છે કે નથી ? જો સંમતી શરતો અનુસાર હોય તો તેની કઈ કઈ શરતો હોય શકે ?

જો સંમતિ ન હોય તો પછી આવા મોહતાજ પરાવલંબી લોકો માટે વિકલ્પ રૂપે શી વ્યવસ્થા થઈ શકે છે. તેનું પણ માર્ગદર્શન આપીને આભારી કરશો. ફકત વસ્સલામ...

| | |
|---|---|
| પ્રમુખ | સેકેટરી |
| (સહી) ઈલ્યાસ મોહંમદ માંકડા | (સહી) હારૂનરશીદ મેહમુદ ખાંડીયા |
| મો. ૦૯૪૨૭૧૩૩૧૯૭ | મો. ૦૯૯૭૯૨૦૦૩૧૧ |

## જવાબ

મજકુર દર્શાવવામાં આવેલ અનુસારની ઈમારત સ્થાપવી યોગ્ય છે બલ્કે સવાબનું કામ છે. આ ખુબ જ યોગ્ય પગલું છે. અલબત્ત તેમાં જે લોકોને પ્રવેશ આપવામાં આવે તો પ્રથમ તેમની માઝુરી નિ:સહાય હોવાની સંપૂર્ણ તપાસ કરી લેવી. તે પછી પ્રવેશ આપવામાં આવે. ફકત વસ્સલામ...

(સહી) હઝ. મવ. મુફતી હબીબુર્રહમાન સા. દારૂલ ઉલુમ–દેવબંદ

જવાબ યોગ્ય છે.

અલબત્ત એટલી વિનંતિ છે કે તેની સાથે સાથે સમાજમાં મા–બાપ, માઝુરો અને ગરીબોના અધિકારો અંગે જાગૃતિ ઉત્પન્ન કરવાના પણ પ્રયત્નો કરવામાં આવે.

(સહી) હઝ. મવ. મુફતી અમીન પાલનપુરી સા.

(સહી) હઝ. મવ. મુફતી મહમુદ હસન બુલંદ શહેરી સા.

DARUL IFTA WAL IRSHAD
**JAME-A-ISLAMIYA TALIMUDDIN**
DABHEL, DIST. NAVSARI (GUJARAT) 396415, INDIA

دار الافتاء والارشاد
الجامعة الاسلامية تعليم الدين
ڈابھیل سملک، ضلع نوساری، گجرات (انڈیا) ۳۹۶۴۱۵

DATE : ______________ بسم الله الرحمن الرحيم مؤرخہ : ______________

حامدا ومصليا ومسلما

જે વૃધ્ધોના હાલાત દર્શાવ્યા છે એવા નિરાધાર અને કચડાયેલા દુ:ખી અશકત બે સહારા ઘણા જ વૃધ્ધોને સહારો આપવા માટે જે ટિફિન સેવા શરૂ કરી છે અને યથા શકિત મુજબ કામિયાબ કોશિશ કરવામાં આવી છે અને તે ધ્વારા અનેક એવા વૃધ્ધ/વૃધ્ધાઓને પ્રત્યક્ષ જોઈ તેઓની કરૂણ, દિલને કંપાવનારી હાલત સામે આવી છે તેને અનુલક્ષીને એક અંદાજો લગાવવામાં આવે અને તહકીક કરવામાં આવે તો જે વૃધ્ધો સુધી હજુ સુધી પહોંચી શકયા નથી તેઓની સંખ્યા તો અનેક ઘણી વધારે છે સગા વહાલા કે અન્યો તરફથી તેઓ સાથે જે ઓરમાયુ વર્તન કરવામાં આવે છે અને અવગણના કરવામાં આવે છે, જેઓ મરવાના વાંકે જીવી રહયા છે એવા વૃધ્ધોને ટીફિન પધ્ધતિ ધ્વારા કે અન્ય રીતે માલી મદદ પહોંચાડવા છતાં તેઓની ખિદમતનો પ્રશ્ન પણ વિચાર માંગી લે છે કે અમુકનુ તો કોઈ સગુ વહાલુ પણ નથી અને અમુકનું હોય તો બેપરવાહી કે અવગણના એ હદે હોય છે કે તેઓ માટે સગા હોવા છતાં ન હોવાના બરાબર છે. અને ઈસ્લામના પવિત્ર કાનૂનમાં સિલા રહમી બાબત જે તાકીદી હુકમો છે તેને જાણવા માંગતા નથી કે જાણવા છતાં આંખ આડા કાન કરી રહયા છે. દીનનાં અન્ય શોઅબામાં જે પ્રકારે અમલી કમજોરી આવી રહી છે તે પ્રમાણે વડીલોના અદબ એહતેરામ/ખિદમત અને સિલા રહમી/હુસ્ને સુલૂકમાં પણ કમજોરી આવી રહી છે. બલ્કે વડીલોના અદબ એહતેરામને બદલે વડીલોને સંતાપવા/રંજાડવા અને મઝાક મશ્કરી/તવહીન કરવું આપણે આજે જો રહયા છે તો એવા નિરાધાર વૃધ્ધોના ઉધ્ધાર માટે આજના માહોલમાં 'દારૂલ અજૂઝ' વૃધ્ધા ઘર (જેમાં વૃધ્ધો પોતાની બાકી જીંદગી કંઈક રાહતના સાથે પુર્ણ કરે જેમાં જમાનાના માહોલને અનુલક્ષીને ખાવા પીવા દવા ઈલાજ અને અન્ય જરૂરતોની સુવિધા હોય) ને શાંત વાતાવરણમાં સ્થાપવાની તાતી જરૂરત છે એ માટેના ચક્રો ગતીમાન કરી કોમ સામે એની એહમિયત વર્ણન કરી મદદ માટે અપીલ કરવામાં આવે એ માટે આપ લોગોના આ નેક ઈરાદાને પરીપૂર્ણ કરવા માટે ઈસ્લામાના આદેશોમાં ઘણી જ બેહતરીન રેહનુમાઈ પણ રજૂ કરવામાં આવી છે.

એક હદીસમાં છે કે, જે માણસ કોઈ મોઅમીનની દુન્યાવી મુસીબતને દૂર કરે છે અલ્લાહ તઆલા તેની કિયામતના દિવસની મુસીબત દૂર કરશે. અને જે માણસ કોઈ મુશ્કેલીમાં ફસાયેલાને સહુલત પહોંચાડે છે અલ્લાહ તઆલા દુનિયા અને આખિરતમાં તેની સહુલત ફરમાવે છે. (ફઝાઈલે સદકાત ૧૫૧/૧) એક હદીસમાં છે કે કોઈ માણસ કોઈ મુસલમાન ભાઈની જરૂરત પૂરી કરશે તો તેના માટે એવો સવાબ છે કે જાણે હક તઆલા શાનહૂની તમામ ઉમર

ખિદમત કરી હોય. એક હદીસમાં છે કે અલ્લાહ તઆલાના અમુક બંદાઓ એવા છે જેઓને હક તઆલા શાનહૂએ એટલા માટે પૈદા કર્યા છે કે તેઓ લોકોની જરૂરતો પૂરી કરે, અને તેઓના કામોમાં મદદ કરે. એ લોકો કયામતના સખ્ત દિવસે બેફિકર (નિચિંત) રહેશે અને તેઓને કોઈ ભય ન રહેશે. એક હદીસમાં છે કે માણસ પોતાના મજબૂર ભાઈની મદદ કરે હક તઆલા શાનહૂ તેને તે દિવસે સાબિત કદમ રાખશે જે દિવસે પર્વત પણ પોતાની જગ્યા થોભી ન શકશે કિંવા કયામતના દિવસે જે માણસ કોઈ મુસલમાનની કોઈ શબ્દથી મદદ કરશે અથવા એની મદદ માટે ડગ ભરશે, હક તઆલા શાનહૂ તેના ઉપર ૭૩ રહમતો ઉતારે છે, જેમાંથી એક માંજ તેના દુનિયા અને આખિરતની દુરૂસ્તગી છે અને બાકીની ૭૨ રહમતોને આખિરતમાં દરજાઓની બુલંદી માટે સંગ્રહ કરી દે છે. એક હદીસમાં છે કે એક મુસલમાન બીજા મુસલમાન પર રહમ કરવામાં એક બીજા સાથે સંબંધ કેળવવામાં એક બીજા ઉપર મહેરબાની કરવામાં એક શરીર સમાન છે. જયારે શરીરનો કોઈ અંગ દુ:ખી થઈ જાય છે ત્યારે શરીરના અન્ય બધા જ અંગો જાગવામાં તેના સહભાગી બની જાય છે અર્થાતઃ જયારે શરીરનો કોઈ એક અંગ તકલીફમાં સપડાય છે તો શરીરના અન્ય અંગો પણ વિચલિત થઈ જાય છે. દા.ત. હાથમાં કોઈ જખ્મ આવ્યો હોય તો કોઈપણ અંગેને ઉંઘ નથી આવતી બધા જ અંગોને જાગવુ પડે છે. એનાથી વધીને એ કે હાથમાં થતા કષ્ટથી આખા શરીરમાં તાવ આવી જાય છે આજ પ્રમાણે એક મુસલમાનની તકલીફથી બધા જ મુસલમાનોમાં બેચેની પૈદા થવી જોઈએ. બીજી એક હદીસમાં છે કે રહમ કરવાવાળા લોકો ઉપર રહમાન પણ રહમ કરે છે તમો પૃથ્વીવાસીઓ ઉપર રહમ કરો આસમાનવાળો તમારા ઉપર રહમ કરશે. જેનાથી અલ્લાહ પાકની ઝાત પણ મુરાદ હોય શકે અને ફરિશ્તાઓ પણ. (એક હદીસમાં છે કે મુસલમાનોના ઘરોમાં સર્વશ્રેષ્ઠ ઘર તે છે જેમાં કોઈ યતીમ રહેતો હોય અને તેના સાથે સદવર્તન કરવામાં આવે. અને અતિ ખરાબ તે ઘર છે જે ઘરમાં યતીમ હોય તેના (યતીમ) સાથે ખરાબ વર્તન કરવામાં આવતુ હોય) એક હદીસમાં છે કે જે માણસ મારી ઉમ્મતના કોઈ વ્યકિતની જરૂરત પૂર્ણ કરી તેને ખુશ કરવા માટે, તે માણસે મને ખુશ કર્યો અને જેણે મને ખુશ કર્યો તેણે અલ્લાહને ખુશ કર્યો. અને જેનાથી અલ્લાહ ખુશ થઈ જાય છે તે માણસને જન્નતમાં પ્રવેશ આપી દે છે. એક હદીસમાં છે કે બધી જ મખ્લૂક અલ્લાહનો પરીવાર છે, લોકોમાં અલ્લાહનો સૌથી વહાલો તે માણસ છે જે તેના પરીવાર સાથે સારૂ વર્તન કરે. "બધી મખ્લૂક અલ્લાહનો પરીવાર છે" આ મશહૂર હદીસ છે ઘણા સહાબએ કિરામ રદી. આ હદીસ નકલ કરેલ છે. ઉલમાએ લખ્યુ છે કે જેવી રીતે માણસ પોતાના ઘરવાળાઓની રોજી (ખાદ્ય–ખોરાકી) ની ફિકર અને બંદોબસ્ત કરે છે એવી જ રીતે અલ્લાહ પણ પોતાની મખ્લૂકને રોજી પહોંચાડનાર છે. આ માટે મખ્લૂકને અલ્લાહની 'અયાલ' કિંવા કુટુંબ કહેવામાં આવ્યું છે.

આ સિફત ફકત મુસલમાન માટે ખાસ નથી, મુસલમાન કાફિર બધા જ તેમાં શરીક છે ત્યાં સુધી કે જાનવરો પણ તેમાં દાખલ છે બધા જ અલ્લાહની મખ્લૂક અને અયાલ છે. જે માણસ બધા જ સાથે સદ વર્તન કરશે તે અલ્લાહના સમીપ સૌથી વહાલો હશે. (ફઝાઈલે સદકાત ૧/....)

عن ابی ھریرۃ قال قال رسول اللہ صلی اللہ علیہ وسلم ان اللہ عز و جل یقول یوم القیامۃ :یا ابن آدم مرضت فلم تعدنی؛قال :یا ربی !کیف اعودک،و انت رب العالمین؟قال :اما علمت ان عبدی فلانا مرض فلم تعدہ،اما علمت انک لو عدتہ لوجدتنی عندہ.یا ابن آدم!استطعمتک فلم تطعمنی؛قال :یا ربی!کیف اطعمک و انت رب العالمین؟قال :اما علمت انہ استطعمک عبدی فلان فلم تطعمہ اما علمت انک لو اطعمتہ لوجدت ذالک عندی.یا ابن آدم!استسقیتک فلم تسقنی؛قال :یا ربی!کیف اسقیک وانت رب العالمین ؟ قال :استسقاک عبدی فلان فلم تسقہ.اما انک لو اسقیتہ وجدت ذالک عندی.(مسلم شریف ۳۱۸/۲)

અર્થાતઃ હઝરત અબૂ હુરયરહ રદી. થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યુ કે અલ્લાહ અઝઝ વ જલ્લ કયામતના દિવસે ફરમાવશે કે એ આદમની અવલાદ હું બિમાર હતો તેં મારી ઈયાદત કેમ ન કરી ? તો તે બંદો કહેશે કે એ મારા પાલનહાર હું તારી ઈયાદત કેવી રીતે કરી શકું કારણ કે આપ તો તમામ જહાનોના પાલનહાર છો તો અલ્લાહ ફરમાવશે શું તને ખબર નથી કે મારો ફલાણો બંદો બિમાર હતો તે તેની ઈયાદત કેમ ન કરી જો તે તેની ઈયાદત કરી હોત તો હું તને તેની પાસે જ મળત, એ આદમની અવલાદ મેં તારી પાસે આવુ માંગ્યુ હતું તો તે મને ન આપ્યુ, તો બંદો કહેશે કે એ મારા પાલનહાર હું આપને કેવી રીતે ખવડાવી શકું આપ તો તમામ જહાનોના પાલનહાર છો તો અલ્લાહ તઆલા ફરમાવશે કે તને યાદ છે કે ફલાણા બંદાએ તારા પાસે ખાવુ માંગ્યુ હતુ તો તે એને ન આપ્યુ હતું શું તને એ વાતની ખબર ન હતી કે જો તે એને ખાવુ આપ્યુ હોત તો એનો બદલો મારા પાસેથી પ્રાત કરતે એ આદમની અવલાદ મેં તારાણી પાણી માંગ્યુ હતું તે મને ન પીવડાવ્યુ તો બંદો કહેશે કે એ મારા પાલનહાર આપ તો તમામ જહાનોના પાલનહાર છો હું આપને કેવી રીતે પાણી પીડાવી શકું તો અલ્લાહ તઆલા ફરમાવશે કે મારા ફલાણા બંદાએ તારી પાસે પાણી માંગ્યુ હતુ તો તે એને ન આપ્યુ હતુ જો તનુ તેને પાણી પીવડાવતે તો એનો બદલો મારા પાસેથી પ્રાપ્ત કરતે.

નોટ : ઘરડા ઘરના સંચાલન માટે શરીઅતની હદોમાં રહી એવા ધારા ધોરણો ઘડવામાં આવે કે ખરેખર જે ઘરડાઓ નિ:સહાય છે તેઓ જ તેનો લાભ ઉઠાવે. આજના માહોલમાં ઘરડા મા–બાપ વિ. ની ખુબ જ અવગણના થઈ રહી છે અવલાદ મા–બાપને એક ભાર સમજે છે તેવા સમયે અવલાદ ખિદમત કરવા પર શકિતમાન હોવા છતા ખિદમતની આ ઝિમ્મેદારીને છોડી મા–બાપને ઘરડા ઘરમાં ધકેલીને ઘરડા ઘરનો દુરૂપયેગ ન કરી શકે તેવા નિયમો બનાવી ખુબ જ સાવચેતી પુર્વક સંચાલન કરવાનું આયોજન કરવામાં આવે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

મુફતી

૭-૩-૨૦૧૫

دار الافتاء

દારૂલ ઈફતા
જામિઅહ ઈસ્લામીય્યહ ડાભેલ-સીમલક,
પો. ડાભેલ - ૩૯૬ ૪૧૫
જી. નવસારી (Gujarat)



PRINT: 9898262593